# નવરાત્રી મહોત્સવની ઉજવણીની તૈયારીઓ પૂરજોશમાં આરંભાઈ

## મેઘરાજાએ આખરે ખમૈયા કરતા ચારે તરફ ઉત્સાહનું વાતાવરણ : ખેલૈયાઓ અને આયોજકોમાં નવરાત્રી તૈયારી માટે દોડધામ શરૂ

ગાંધીનગર, તા. ૨૯

ગુજરાતની ઓળખ સમા નવરાત્રી ઉત્સવને આડે હવે માત્ર છ દિવસ બાકી છે ત્યારે ખેલૈયાઓ અને ગરબા આયોજકો તડામાર તૈયારીઓ કરી રહ્યા છે. છેલ્લા છ દિવસથી સતત વરસાદી માહોલના કારણે ખેલૈયાઓ અને આયોજકો ખુબ જ ચિંતામાં હતા, પરંતુ આજે વહેલી સવારથી ઉઘાડ નીકળતા સમગ્ર શહેર આજે એક ઉત્સાહનો માહોલ છવાયો છે.

જાણીતા ગરબા ગ્રાઉન્ડ પર મંડપ બાંધવાની કામગીરીનો જોશભેર આરંભ કરાયો છે તો બીજી તરફ યુવક યુવતીઓ ગરબા ડ્રેસ બુક કરાવવા માટે દોડધામ કરી રહ્યા છે. ગઈકાલ સાંજ સુધી ચિંતામાં દેખાતા ખેલૈયાઓ રવિવારની રજાનો લાભ લઈ ચણીયાચોલી, કેડીયા અને ઘરેણાં માટે જુદા જુદા ડ્રેસ ભાડે આપતા વિતરકોને ત્યાં પહોચ્યા હતા. આજે રવિવારની રજાના પગલે ગરબા કલાસીસ પર પણ ભારે ભીડ વર્તાતી હતી. છેલ્લા એક બે મહિનાથી ગરબાના વિવિધ સ્ટેપ્સ શીખનારા ખેલૈયાઓ ઉપરાંત પાંચ-છ દિવસની ટુંકી તાલીમ મેળવી કંઈક નવુ શીખવા ગૃહિણીઓ અને કિશોરીઓ પણ મોટી સંખ્યામાં ગરબા કલાસીસ પર લાઈન લગાવીને બેઠા હતા.

**નવરાત્રી કાઉન્ટ ડાઉન**

ગાંધીનગરમાં સેક્ટરે સેક્ટરે શેરી ગરબા યોજાય છે. દરેક સેક્ટરમાં ચાર થી પાંચ નવરાત્રી ચોક હોય છે. સામાન્યતહ ગાંધીનગરમાં સૌથી વધુ સ્થાનો પર શેરી ગરબા યોજાય છે. શેરી ગરબાના આયોજકો, વસાહત મંડળના સભ્યોએ રવિવારની રજાનો લાભ લઈ સાફ સફાઈની કામગીરી આરંભી હતી. મોટા ભાગના સેક્ટરોમાં નવરાત્રીનો ફાળો ઉઘરાવવા માટેની ટીમ વસાહતમાં ફરી રહી હતી. શેરી ગરબા ઉપરાંત ત્રણ મુખ્ય પાર્ટી પ્લોટના મેદાનો પર પણ મંડપ બાંધવાની કામગીરીની ગતિમાં વધારો થયો હતો. વરસાદના વિરામના પગલે આયોજકો અને પ્રાયોજકો પણ ગરબા ગ્રાઉન્ડ પર કામગીરીમાં વ્યસ્ત રહ્યા હતા.

નવરાત્રીના ઉત્સવની ઉજવણીની બજાર પણ ભારે અસર વર્તાય છે. સેક્ટર-૨૧, સેક્ટર-૭, ઈન્ફોસિટી અને સેક્ટર-૨૪ના બજારોમાં માતાજીના ફોટાઓ, પુજાપાની સામગ્રી તથા ગરબાની ચોપડીઓ જોવા મળી હતી. મા આદ્યશક્તિ ઉપાસનાના આ મહાપર્વને વધાવવા ગાંધીનગર ધનગની રહ્યું હોય એવી અનુભૂતિ રવિવારે અનુભવાઈ હતી.

# હાશ, ઉઘાડ નીકળ્યો

## છેલ્લા છ દિવસના વરસાદી વાતાવરણ બાદ રવિવારે વાદળો વિખેરાતા ઉઘાડ નીકળ્યો : મોસમનો કુલ વરસાદ ૧૦૪૨ મી.મી. પહોંચ્યો

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગરના વસાહતીઓ અને જિલ્લાના ખેડૂતો ઉઘાડ નીકળતા એકદમ ખુશખુશાલ બની ગયા છે. છેલ્લા અઠવાડિયાથી સતત વાદળછાયુ વાતાવરણ રહ્યા બાદ આજે ઉઘાડ નીકળ્યો હતો.

વરસાદના છેલ્લા રાઉન્ડે સૌને હેરાન પરેશાન કરી નાંખ્યા છે. ગુજરાતના દરેકે દરેક વિભાગમાં ધોધમાર કહી શકાય તેવો વરસાદ પડ્યો હતો. પાણી ભરાઈ જવાના અને માલમિલકતને નુકશાન પણ ખુબ થયું હતું. ગાંધીનગરમાં પણ છેલ્લા એક અઠવાડિયાથી આકાશમાં ઘટાટોપ વાદળો અડીંગો જમાવીને બેઠા હતા. અવારનવાર ધોધમાર કહી શકાય તેવો વરસાદ વરસી જતો હતો. અલબત્ત છેલ્લા બે દિવસથી વરસાદનું જોર ચોક્કસ ઘટ્યું છે. શનિવારે સવારે થોડીકવાર માટે ઉઘાડ નીકળ્યો હતો પરંતુ બપોર બાદ પુનઃ આકાશ વાદળોથી ઘેરાયુ હતુ અને સાંજે ધોધમાર ઝાપટુ પડ્યુ હતુ. લગભગ અડધા કલાક સુધી ૩૧ મી.મી. ધોધમાર વરસાદ પડ્યો હતો. જો કે ગઈકાલે રાત્રે વરસાદ જરાય પડ્યો ન હતો. આજ સવારથી જ વાદળો વિખેરાવવા માંડ્યા હતા અને ઉઘાડ નીકળ્યો હતો. આછા વાદળોની અવરજવર વચ્ચે તડકો નીકળતા સૌને રાહત થઈ હતી. વરસાદના કારણે ઘરમાંથી બહાર ન નીકળી શકતી ગૃહિણીઓ ઉઘાડ નીકળતા ખરીદી કરવા બજારોમાં ઉમટી પડી હતી. શાકમાર્કેટ સહિત સમગ્ર બજારમાં ભીડ જોવા મળતી હતી. તડકો નીકળતા કાદવકિચડ ઓછા થવા માંડતા વેપારીઓમાં પણ આનંદ છે.

# ગરબા પાર્ટી પ્લોટોમાં કેમેરા મેટલ ડીટેક્ટર ફરજીયાત

ગાંધીનગર, તા. ૨૯

નવરાત્રીનું કાઉન્ટડાઉન શરૂ થઈ ગયું છે ત્યારે ગાંધીનગરના વિવિધ પાર્ટીપ્લોટના આયોજકોને સીસીટીવી કેમેરા અને મેટલ ડીટેક્ટર ફરજીયાત રાખવા આદેશ કરી દેવામાં આવ્યા છે. સલામતીના ભાગરૂપે આયોજકોને ખાનગી સિક્યોરીટી રાખવા પણ સુચના આપવામાં આવી છે. આ સિક્યુરીટીની સાથોસાથ જિલ્લાની પોલીસ પણ ફરજ બજાવશે.

નવરાત્રીના ગરબા માટે શેરીઓ અને પાર્ટીપ્લોટોના આયોજકોએ તડામાર તૈયારીઓ શરૂ કરી દીધી છે. નોરતા શાંતિ અને સલામતીપૂર્વક સંપન્ન થાય તે માટે સુરક્ષાના હેતુસર તમામ પાર્ટીપ્લોટોમાં નાઈટ વીઝન સીસીટીવી કેમેરા, મેટલ ડીરેક્ટર સહિતની સલામતીની સામગ્રીઓ ફરજીયાત રાખવા આયોજકોને સુચન કરી દેવામાં આવ્યું છે. તેઉપરાંત પાર્ટીપ્લોટ આયોજકોએ ખાનગી સિક્યુરીટી પણ સ્વખર્ચે મુકી સલામતીની વ્યવસ્થા કરવા આદેશ કરવામાં આવ્યા છે. ખાનગી સિક્યોરીટી સાથે જિલ્લાની પોલીસ પણ ફરજ પર તૈનાત રહેશે. ઉલ્લેખનીય છે કે ગરબા પાર્ટીપ્લોટની અંદર અને બહાર ખાનગી વેશમાં પણ પોલીસ સતત વોચમાં રહેશે અને તમામ શંકાસ્પદ હિલચાલો પર નજર રાખશે.

## ખૂણે... ...ખાંચરેથી

- ગાંધીનગર કલ્ચરલ ફોરમના આગેવાનો અંબાજીના દર્શને ગયા હતા.
- ગાંધીનગર ટાઉનહોલમાં આજે ગુજકોમાસોલની સામાન્ય સભા મળનાર છે.
- સાદરા ગ્રામ વિદ્યાપીઠના વિદ્યાર્થીઓ ગાંધીવિચારના પ્રસાર માટે ખેડબ્રહ્માના અંતરિયાળ ગામોમાં પહોંચ્યા છે.
- ગાંધીનગર ટાઉનહોલમાં તેલ ઉત્પાદક એસો.ની એક મહત્વની બેઠક મળી હતી.
- ગાંધીનગર મહાનગર પાલિકાએ આજે ગોકુળપુરા ખાતે આરોગ્ય કેમ્પ યોજ્યો હતો જેમાં ૩૦૦ દર્દી નોંધાયા હતા.
- આરોગ્ય વિભાગે અતિવૃષ્ટિને પગલે રોગચાળાના ભયને લઈ આપેલા આદેશોને પગલે સિવિલ હોસ્પિટલમાં ઓ.પી.ડી. આજે ચાલુ રહી હતી તો ગ્રામ્ય વિસ્તારમાં આંગણવાડી કેન્દ્રોમાં ક્લીનીક ચલાવાયા હતા.
- વિધાનસભા કોંગ્રેસ પક્ષના સભ્યોની એક મહત્વની બેઠક વિપક્ષી નેતા શંકરસિંહજી વાઘેલાના અધ્યક્ષપદે મળી હતી. જેમાં ચોમાસુ સત્રની વ્યુહરચના અંગે ચર્ચાઓ થઈ હતી.

## આજે ટાઉનહોલ ખાતે જિલ્લા નવરાત્રી રાસ-ગરબા સ્પર્ધા

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર જિલ્લા નવરાત્રી રાસગરબા સ્પર્ધા આવતીકાલે સોમવારે બપોરે ૩ વાગે ટાઉનહોલ ખાતે યોજાશે.

પ્રતિષ્ઠાજનક ગણાતી આ સ્પર્ધામાં છેલ્લા કેટલાક વર્ષોથી રસ ઓછો થતો જણાય છે. અગાઉના વર્ષોમાં ગાંધીનગર શહેરમાંથી જ ૧૦ થી ૧૨ ગરબા ગ્રુપો ગરબા અને રાસમાં ભાગ લેતા હતા. આ ઉપરાંત અડાલજ, ચાંદખેડા અને કોબાની સંસ્થાઓ પણ ઉત્સાહપૂર્વક સ્પર્ધામાં જોડાતી હતી. આ વર્ષે ગાંધીનગરના માત્ર ત્રણ ગરબા ગ્રુપો પ્રાચીન-અર્વાચીન ગરબામાં ભાગ લઈ રહ્યા છે. જ્યારે રાસમાં માત્ર રાગા ગ્રુપે ભાગ લીધો છે. અને તે આવતીકાલે બીનહરિફ જાહેર થશે. પ્રાચીન-અર્વાચીન ગરબામાં નગરના ત્રણ જાણીતા ગરબા ગ્રુપો પનઘટ કલાવૃંદ, આગમન અને મલ્હાર ગ્રુપ ભાગ લઈ રહ્યા છે. પ્રાચીન અર્વાચીન ગરબાના પ્રથમ વિજેતાઓની રાજ્યકક્ષાએ વાયબ્રન્ટ નવરાત્રી મહોત્સવ દરમ્યાન સ્પર્ધા યોજાય છે. જે આગામી પાંચમીથી તેરમી દરમ્યાન અમદાવાદ ખાતે યોજાશે.

(તસવીર : કશ્યપ નિમાવત)

(તસવીર : કશ્યપ નિમાવત)

બિસ્માર પોલીસ ચોકી - ગાંધીનગર શહેરમાં એવી કેટલીક જાહેર મિલ્કતો બિસ્માર હાલતમાં છે... જેની યાદી દિવસે - દિવસે લાંબી થતી જાય છે... સેક્ટર-૨૪ની પોલીસ ચોકી બિચારી - બાપડી હાલતમાં મુકાયેલી દેખાય છે... નથી કોઈ ફરિયાદી કે નથી કોઈ પોલીસ, એના આંગણામાં જીપ કે પોલીસ વાન, છે તો માત્ર ઘાસ અને ઝાડી-ઝાંખરા.... સમય એની પુનઃ પ્રાણપ્રતિષ્ઠાનો ક્યારે આવશે એ તો કોને ખબર.... ગુનાખોરી ઘટતા જો પોલીસ ચોકી બંધ કરવાની હોય તો તેનો યોગ્ય ઉપયોગ થાય તેવો તાકિદે નિર્ણય લેવો જોઈએ...

# ગાંધીનગરના ડૉ. રશ્મિકાંત મહેતાને શ્રેષ્ઠ શિક્ષક સન્માન એનાયત થશે

ગાંધીનગર, તા. ૨૯

ભાવનગરની શિશુવિહાર સંસ્થા દ્વારા દર વર્ષની માફક આ વર્ષે પણ તા. ૧૩મી ઓક્ટોબર વિજયાદસમીના દિવસે 'શ્રી માનભાઈ ભટ્ટ સ્મારક નાગરિક સન્માન' સમારંભનું આયોજન કરવામાં આવેલ છે. આ સમારંભમાં પૂ. મોરારીબાપુના આશિર્વચન અને સ્વાતંત્ર્ય સેનાની પ્રેમશંકરભાઈ ભટ્ટના અધ્યક્ષપદે વિવિધ સન્માન એનાયત કરવામાં આવનાર છે.

પ્રતિવર્ષ શિશુ વિહાર દ્વારા શ્રેષ્ઠ નાગરિક, શ્રેષ્ઠ શિક્ષક, શ્રેષ્ઠ મહિલા સેવક તેમજ કારકિર્દીમાં અગ્રેસર રહેનાર યશસ્વી મહિલાઓને સન્માનવામાં આવે છે. ગુજરાતીઓના સંસ્કારપ્રિય વારસાને ઉજાગર કરનાર આ નાગરિક સન્માન સંસ્થાના આદ્યસ્થાપક શ્રી માનભાઈ ભટ્ટના જીવનમંત્રને પ્રત્યક્ષ રીતે ચરિતાર્થ કરનાર મુઠ્ઠી ઉંચેરો નાગરિકોને આપવામાં આવે છે. આ વર્ષના આ સન્માન સમારોહ આદરણીય પૂ. મોરારી બાપુ અને જાણીતા સ્વાતંત્ર્ય સેનાની પ્રેમશંકરભાઈ ભટ્ટના અધ્યક્ષસ્થાને યોજાશે. જેમાં શ્રેષ્ઠ નાગરિક સન્માન મનુભાઈ પંડિત, શ્રેષ્ઠ મહિલા શિક્ષક સન્માન દક્ષાબેન પટ્ટણી, શ્રેષ્ઠ શિક્ષક સન્માન ડૉ. રશ્મિકાંત મહેતા, યશસ્વી નાગરિક સન્માન સંજય ભાવસાર, શ્રેષ્ઠ મહિલા સેવક સન્માન તુલાબેન ભાવસાર તથા સ્ત્રી શક્તિ સન્માન સારાબેન બાલદીવાલાને એનાયત કરવામાં આવનાર છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ડૉ. રશ્મિકાંત મહેતા જેઓ ગાંધીનગરના આદરણીય નાગરિક છે. તેઓએ ભારત ઉપરાંત વિદેશોમાં સંસ્કૃતના પ્રખર વિદ્વાન અને સંસ્કૃત સાહિત્યના પ્રખર સંશોધક તરીકે દેશ વિદેશમાં નામના પ્રાપ્ત કરેલ છે. રેલવેના કર્મચારી પિતા અને દરજીકામ કરતા માતાના સંતાન એવા ડૉ. મહેતા તેમની અતૂટ ધગશ અને ધૈર્યને કારણે તેમણે સંસ્કૃત ભાષા સાહિત્ય સાથે એમ.એ., એમ.ફિલ, 'સંસ્કૃત સાહિત્યમાં નાટકો' વિષય પર પીએચ.ડી, હિંદી ભાષામાં સેવક તેમજ અનુવાદ વિશારદ જેવી ડિગ્રીઓ પ્રાપ્ત કરેલ છે. તેઓએ પોસ્ટ ડોક્ટરલનો પણ અભ્યાસ કરેલ છે. ડૉ. મહેતાએ ૪૫ વર્ષ સુધી વિવિધ શાળા, કોલેજ, સંસ્કૃત વિભાગ ભાષા સાહિત્ય ભવન ગુજરાત યુનિવર્સિટી વગેરેમાં અધ્યાપન કાર્ય કરેલ છે. તેઓને 'શાસ્ત્ર ચૂડામણિ' જેવા રાષ્ટ્રીય એવોર્ડ અને ગુજરાત સરકારના 'સાહિત્ય ગૌરવ' પુરસ્કાર પણ પ્રાપ્ત થયેલ છે. ગુજરાતી અને સંસ્કૃત બંને ભાષા પર પ્રભુત્વ ધરાવનાર તેમના ઉપનિષદ વિમર્શ, વેણીસંહાર, સૌંદર્યશાસ્ત્ર, કાવ્યાલંકાર ઈત્યાદિ વિષય પર ૬૫ થી વધુ અભ્યાસપૂર્ણ-સ્વતંત્ર લેખ તેમજ સહકર્તૃત્વવાળા પુસ્તકો પ્રકાશિત થયા છે.

# જંગી બજેટ છતાં અસરગ્રસ્તોને રાહત મળી નથી : બલવંતસિંહ

## કુદરતી આપત્તિની સામે ગુજરાતનું આપત્તિ વ્યવસ્થાપન તંત્ર કામગીરી કરવામાં નિષ્ફળ છે

અમદાવાદ,તા. ૨૯

ગુજરાત વિધાનસભા કોંગ્રેસ પક્ષના બળવંતસિંહ રાજપુતે આજરોજ જણાવ્યું છે કે નરેન્દ્ર મોદી સરકાર પાસે જંગી બજેટ હોવા છતાં વરસાદ અને પૂરગ્રસ્ત લોકોને હજુ સુધી પૂરતી રાહત મળી નથી. કેન્દ્ર સરકારે જંગી નાણાં ઉપલબ્ધ કરાવ્યા છે પરંતુ સરકારે તેનો યોગ્ય ઉપયોગ કર્યો નથી. છેલ્લા એક અઠવાડિયામાં ૧.૫૦ લાખથી વધારે લોકોને ભારે વરસાદના કારણે સ્થળાંતર કરાયુ છે. સરકાર દ્વારા કુદરતી આપત્તિઓ સામે ગુજરાતનું આપત્તિ વ્યવસ્થાતંત્ર નિષ્ફળ ગયુ છે. ભાજપની સરકારે દક્ષિણ ગુજરાત, મધ્ય ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છમાં લાકો લોકોનું સ્થળાંતર ભારે વરસાદ- મેઘપ્રકોપને કારણે કરવામાં આવ્યું છે, ઝૂંપટપટ્ટીઓ ઠેર ઠેર નાસ પામી છે. અંદાજે હજાર કરતાં પણ વધારે વ્યક્તિઓના અને પશુધનના મૃત્યુ થયા છે. લાખો હેક્ટર બિન પીયત, પીયત અને બારમાસી પાકોને નુકસાન થયું છે, બીજી બાજુ ગત વખતના પણ પાક વીમાના પૈસા મળ્યા નથી ત્યારે ગુજરાત સરકાર પાસે કુદરતી આફત અંગે રાહતના હેડ હેઠળ વર્ષ ૨૦૧૩-૧૪માં કુલ રૂપિયા ૧૧૬૯ કરોડનું બજેટ હોવા છતાં અસરગ્રસ્તોને હજી સુધી રાહતો આપી નથી. તે સરકારની નબળી અને નિષ્ફળ કામગીરીનો પુરાવો છે તેવો ગંભીર આક્ષેપ રાજપૂતે કર્યો હતો.

રાજપૂતે વધુમાં જણાવ્યું છે કે વર્ષ ૨૦૧૩-૧૪માં પૂર, વાવાઝોડાના હેડ હેઠળનું બજેટ ૪૦૩ કરોડનું છે. આ પૈકી પીવાના પાણી પુરવઠા માટે રૂપિયા ૭ કરોડ, પશુ ચિકિત્સા માટે રૂપિયા ૧.૬૦ કરોડ, વંચિતોના પરિવારને રહેમ રાહે ચુકવણી માટે રૂપિયા ૫૦ કરોડ, લોકોની હિજરતના હેડ હેઠળ રૂપિયા ૧૫.૭૦ કરોડ, મકાનો અને ઝૂંપડાની મરામત માટે અને નવા બાંધકામ સહાય માટે રૂપિયા ૪૦ કરોડ, સિંચાઈ અને પૂર નિયંત્રણથી નુકસાન પામેલા કામની મરામત અને પુનઃસ્થાપન માટે રૂપિયા ૩૮ કરોડ અને અન્ય ખર્ચ રૂપિયા ૨૦૦ કરોડની ફાળવણી કરેલી છે. આ ઉપરાંત રાજ્ય સરકાર પાસે કુલ રૂપિયા ૫૮૧.૨૭ કરોડનું રાજ્ય આપત્તિ પ્રતિભાવ નિધિ ફંડ પડેલુંછે, જેમાં કેન્દ્ર સરકારના ૭૫ ટકા રકમોનો ફાળો છે. ૨૫ ટકા રાજ્ય સરકારનો ફાળો છે. ત્યારે ભાજપની સરકારે આપત્તિ પછી જાગીને નામ માત્ર કેસોમાં જ સરકારે સહાયના ધોરણો સુધાર્યા છે. રાજપૂતે માંગણી કરી છે કે સરકારે તાકીદે અસરગ્રસ્તોને રોકડ સહાય, ઘરવખરીમાં સહાય, લજા સહાય, નુકસાન થયેલ કે નાશ પામેલ ઝૂંપડા અને આવકના સાધનોને જે નુકસાન થયેલ છે તે તમામમાં ૨૫ ટકા વધારો તાકીદે કરવો જોઈએ.

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી** : કૃષ્ણકાન્ત જહા. **ફોન** : ૨૩૨૨૨૫૭૧, **ફેક્સ** : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com